**આંક–**

<table>
<tr><td colspan="4">કેસ દાખલ તારીખ</td><td colspan="4">૧૭.૦૭.૨૦૨૫</td></tr>
<tr><td colspan="4">કેસ પ્રાપ્ત તારીખ</td><td colspan="4">૧૭.૦૭.૨૦૨૫</td></tr>
<tr><td colspan="4">કેસ ફેસલ તારીખ</td><td colspan="4">૧૮.૦૩.૨૦૨૬</td></tr>
<tr><td>અવધી</td><td>૦૦</td><td>વર્ષ</td><td>૦૮</td><td>માસ</td><td>૦૧</td><td>દિવસ</td></tr>
</table>

## ધોળકાના મહે. એડી. ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં.

**ફોજદારી કેસ નંબર ૩૪૦૩/૨૦૨૫**

**ફરીયાદી:–** **શ્રી સરકાર.**

**// વિરુદ્ધ //**

**આરોપી:–** **જયેશભાઈ દશરથભાઈ ચૌહાણ,**
રહે. મોટો વાસ, સરોડા ગામ,
તા.ધોળકા, જી.અમદાવાદ.

**બાબતઃ–** બી.એન.એસ.ની કલમ– ૩૦૩ (૨) મુજબ.

=================================================

ફરિયાદ પક્ષ તરફે વિ. એ.પી.પી.શ્રી **વાઘેલા.**

આરોપી પક્ષ તરફે વિ. વ. શ્રી **જે.એમ.ઠાકોર.**

=================================================

**// ચુ કા દો //**

(૧) ફરિયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ તા.૧.૨.૨૦૨૫ ના રાત્રીના કલાક ૨૨.૩૦ વાગ્યાની આસપાસ મોજે કલીકુંડ સરોડા રોડ, શ્રીનાથ એપાર્ટમેન્ટ નીચે ઓલ પાન મસાલાની દુકાનથી નાયરા

પેટ્રોલ પંપની વચ્ચે, ધોળકા તા.ધોળકા, જી.અમદાવાદ ખાતે આ કામના ફરીયાદી પોતાના મિત્રને શ્રીનાથ એપાર્ટમેન્ટ ખાતે પોતાનું જ્યુપીટર લઇ મુકવા ગયેલ જે વખતે પાન મસાલાની દુકાનથી નાયરા પેટોર્લ પંપ વચ્ચે ફરીયાદીનો વન પ્લસ કંપનીનો ઇલેવન આર મોડલનો કાળા કલરનો મોબાઇલ જેની આશરે કિંમત રૂા.૫,૦૦૦/- ની ચોરી કરી ગુનો કર્યા બાબતની ફરીયાદ ફરીયાદીએ આરોપી વિરુદ્ધ ધોળકા ટાઉન પોલીસ સ્ટેશનમાં નોંધાવેલ છે.

(૨) ફરીયાદીની સદર ફરીયાદ રજીસ્ટરે દાખલ કરી આરોપી સામે બી.એન.એસ.ની કલમ-૩૦૩(૨) મુજબ સમન્સ કાઢવાનો હુકમ કરવામાં આવેલો. જેની ધારાસરની બજવણી આરોપીને થતાં ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ-૨૦૭ મુજબ આરોપીને ફરીયાદ પક્ષના તમામ દસ્તાવેજી પુરાવાઓ વિનામૂલ્યે પુરા પાડવામાં આવેલ છે. ત્યારબાદ આંક-૫ થી તહોમતનામું ઘડવામાં આવેલ. ત્યારબાદ આરોપીની ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ અન્વયે આંક-૬ થી પ્લી લેવામાં આવેલ. જે અન્વયે આરોપીએ તેમની સામેના ગુન્હાનો સ્પષ્ટપણે ઇન્કાર કરતાં ન્યાયિક કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૩) આ કામે ફરીયાદ પક્ષ તરફે નીચે મુજબના મૌખિક રજૂ કરવામાં આવેલા છે.

| ક્રમ | સાહેદની વિગત | સાહેદનું નામ | આંક |
|---|---|---|---|
| ૧ | ફરીયાદીની જુબાની | મોહમંદ જલીશ ગુલામનબી ઘાંચી | ૦૮ |

(૪) આ કામે ફરીયાદ પક્ષ તરફે નીચે મુજબના દસ્તાવેજી પુરાવા રજૂ કરવામાં આવેલા છે.

| ક્રમ | દસ્તાવેજની વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદ | ૦૯ |
| ૨ | ગુન્હાવાળી જગ્યાનું પંચનામું | ૧૦ |

(૫) ફરિયાદપક્ષે પોતાનો પુરાવો પૂર્ણ થયાનું આંક-૧૨ થી રજૂ પુરસીસ આપી જાહેર કરતાં ક્રિ. પ્રો. કોડની કલમ-૩૧૩ અન્વયે આરોપીનું વિશેષ નિવેદન નોંધવાનું જરૂરી જણાતુ ના હોય વિશેષ નિવેદન લેવામાં આવેલ નથી. ત્યારબાદ ફરીયાદ

પક્ષે વિ. એ.પી.પી.શ્રી નાઓને તથા આરોપી તરફે વિ. વકીલશ્રીનાઓને સાંભળવામાં આવેલ છે.

(૬) આ કામે ફરીયાદના ન્યાય નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

(૧) શું ફરિયાદ પક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ તા.૧.૨.૨૦૨૫ ના રાત્રીના કલાક ૨૨.૩૦ વાગ્યાની આસપાસ મોજે કલીકુંડ સરોડા રોડ, શ્રીનાથ એપાર્ટમેન્ટ નીચે ઓલ પાન મસાલાની દુકાનથી નાયરા પેટ્રોલ પંપની વચ્ચે, ધોળકા તા.ધોળકા, જી.અમદાવાદ ખાતે આ કામના ફરીયાદી પોતાના મિત્રને શ્રીનાથ એપાર્ટમેન્ટ ખાતે પોતાનું જ્યુપીટર લઇ મુકવા ગયેલ જે વખતે પાન મસાલાની દુકાનથી નાયરા પેટોર્લ પંપ વચ્ચે ફરીયાદીનો વન પ્લસ કંપનીનો ઇલેવન આર મોડલનો કાળા કલરનો મોબાઇલ જેની આશરે કિં.રૂા.૫,૦૦૦/- ની ચોરી કરી બી.એન.એસ.ની કલમ-૩૦૩ (૨) અન્વયેનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલછે?

*(૨) શું હુકમ ?*

(૭) ઉપરોક્ત મુદ્દાઓ અંગેના મારા નિર્ણયો, આ પછી તરત જ દર્શાવેલ કારણો તથા ચર્ચાના અંતે નીચે મુજબ છે.

*(૧) નકારમાં*

*(૨) આખરી હુકમ મુજબ.*

**<u>// ન્યાય નિર્ણય માટેનાં કારણો //</u>**

(૮) ***મુદા નંબર ૧ ની ચર્ચા:-*** આ કામના આરોપી સામે ફરિયાદ પક્ષે પોતાનો કેસ સાબિત કરવા તપાસવામાં આવેલ આંક-૮ થી ફરીયાદી મોહંમદ જલીશ ગુલામનબી ઘાંચીએ સોગંદ પરની જુબાનીમાં જણાવેલ કે, તા.૧/૨/૨૦૨૫ ના રોજ તેમના મિત્રના લગ્નમાં પ્રસંગમાં મફતિયાપુરામાં ગયેલા જ્યાંથી તેમના બીજા મિત્રો સાથે રાત્રે દસેક વાગ્યાની આજુબાજુ કલિકુંડ સર્કલ ગયેલા જ્યાંથી તેઓ

તેમના મિત્રને મુકવા શ્રીનાથ અપાર્ટમેન્ટમાં તેમનું જ્યુપીટર લઇને ગયેલા અને શ્રીનાથ એપાર્ટમેન્ટ ખાતે મસાલો ખાવા ઉભા રહેલા જે વખતે તેમનો મોબાઇલ તેમની પાસે જ હતો અને તેઓએ તેમની નાઈટીના ખિસ્સામાં મુકેલો અને ત્યારબાદ તેઓ બંને ૮ વાગ્યાની આજબાજુ તેમને પૈસાની જરુર હોય જેથી તેમનો ઓપો કંપનીનો એ ૫૭ મોડલનો ડાર્ક બ્લુ કલરનો મોબાઇલફોન લઇ તેઓ ખેડા બગોદરા હાઇવે પર આવેલ એસ.બી. આઇ.ના એ.ટી.એમ. માં પૈસા ઉપાડવા ગયેલા ત્યારે તેઓએ તેમનો મોબાઇલ ફોન એ.ટી.એમ.ના મશીન ઉપર મુકેલો અને તેઓ ઉતાવળમાં તેમનો ફોન લીધા વગર એ.ટી.એમ. મશીનમાંથી પૈસા ઉપાડી તેમના ઘરે જતા રહેલા અને ઘરે ગયા પછી તેમને તેમનો મોબાઇલ ફોન ભુલી ગયેલાની જાણ થતા તેઓ પાછા એસ.બી.આઇ.ના એ.ટી.એમ. ઉપર ગયેલા ત્યારે તેમનો મોબાઇલ ફોન તેઓએ મુકેલો હતો ત્યાથી મળી આવેલ નહી જેથી તેઓએ તેમના મોબાઇલ ચોરી બાબતે સરકારશ્રીની ઓનલાઇન વેબસાઇટમાં ફરીયાદ કરેલી જે અન્વયે પોલિસે તેમને તા.૧૭/૧/૨૫ ના રોજ રૂબરૂ બોલાવી તેમની ફરીયાદ લીધેલી. જે આંક–૯ થી રજૂ ફરીયાદમાં તેઓએ પોતાની સહી હોવાનું ઓળખી બતાવેલ. તેમજ વધુમાં જણાવેલ કે તેમનો મોબાઇલ ફોન કોણે ચોરી કરેલ તેની તેમને ખબર નથી. તેમન મોબાઇલ ચોરાઇ ગયેલ કે કોઇએ સાચવીને લઇ પોલિસને સોંપેલ તે બાબતે તેઓ કહી શકે નહી. પોલિસને તેમનો મોબાઇલ ફોન મળી આવેલ જેથી તેઓએ નામદાર કોર્ટમાં ક્રિમિનલ પ.અ. નં– ૨૭ / ૨૦૨૫ થી અરજી કરી તેમનો મોબાઇલ ફોન પરત મેળવી લીધેલ છે. જેથી આ કેસમાં તેઓએ આરોપી સાથે સમાધાન કરેલ છે અને તેમને કેસ આગળ ચલાવવો નથી કે કોઇ પુરાવો આપવો નથી તેવી પુરસીસ કોર્ટમાં આપેલ હોવાની હકીકત જણાવેલ છે. ત્યારબાદ બચાવપક્ષના વિ.વ.શ્રી દ્વારા ઉલટતપાસ કરવામાં આવતા તેઓએ એ વાત સ્વીકારેલ કે પોલિસે તેમની રુબરુમાં કોઈની પાસેથી રિકવર કરેલો તેવું બનેલુ નહી માત્ર તેઓએ શંકાના આધારે ફરીયાદ આપેલી. તેમજ તેમનો મોબાઇલ તેઓ પોતે એ.ટી. એમ.મશીન ઉપર ભુલી ગયેલા તેમજ પોલિસને મારો મોબાઇલ ફોન કઇ રીતે મળ્યો તેની તેમને ખબર નથી. તેમજ એ વાત તેઓએ સ્વીકારેલ કે આરોપી સાથે તેમને

સમાધાન થઇ ગયેલ હોય તેમને કેસ ચલાવવો નથી કે કોઇ પુરાવો આપવો નથી. તેમજ તેમને તેમનો મોબાઇલ પરત મળી ગયેલ હોવાની હકીકત જણાવેલ છે.

**પુરાવાનું મુલ્યાંકનઃ–**

(૯) ઉપરોક્ત હકીકત વંચાણે લેતા ફરીયાદીએ ફરીયાદ આપેલાનું જણાવેલ છે જેમાં મોબાઇલ ફોન ચોરાયેલ પરંતુ આ કામે આંક–૮ થી રજૂ ફરીયાદીની જુબાની ધ્યાને લેતા તેઓએ તેઓની તેની સરતપાસ લગત થયેલ ઉલટતપાસમાં એ વાતનો સ્વીકાર કરેલ છે કે મુદ્દામાલ મોબાઈલ પોલીસે કોની પાસેથી કબ્જે લીધેલ તેની તેમને ખબર નથી.તેમજ આ કામે તેઓને આરોપી સાથે ઘરમેળે રાજીખુશીથી સમાધાન થઇ ગયેલ છે અને તેઓ આગળ કેસ ચલાવવા માંગતા નથી તેમ જણાવેલ. વધુમા આ કામે આંક–૧૦ ગુન્હાવાળી જગ્યાનું પંચનામુ કરવામાં આવેલ છે પરંતુ તેના પંચ સાહેદોને તપાસવામાં આવેલ ના હોય પંચનામા પુરવાર કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ નિવડેલ હોવાનું ફલિત થાય છે. તેમજ આ કામે તપાસ કરનાર અમલદારને પણ તપાસવામાં આવેલ નથી. જો તપાસ કરનાર અમલદારને તપાસવામાં આવેલ હોત તો ફળદાયી પરીણામ મળી શકત. આમ, આ કામના આરોપીઓ વિરૂદ્ધ નિઃશંકપણે ચોરી કર્યાનો આક્ષેપ પુરવાર કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ નિવડેલ હોવાનું ફલિત થાય છે. આમ, ઉપરોક્ત તમામ સંજોગોને ધ્યાને લેતા આરોપીઓ સામેનો કેસ ફરીયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ હોય મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં આપી મુદ્દા નં.૨ પરત્વેનો આખરી હુકમ કરવામાં આવે છે.

***// આ ખ રી હુ ક મ //***

(૧) આ કામના આરોપી **જયેશભાઈ દશરથભાઈ ચૌહાણ,** રહે. મોટો વાસ, સરોડા ગામ, તા.ધોળકા, જી.અમદાવાદનાને ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૪૮(૧) અન્વયે બી.એન.એસ.ની કલમ–૩૦૩ (૨) મુજબનાં ગુના સબબનાં કામે પુરતા પુરાવાનાં અભાવે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આરોપીના જામીન તથા જામીનખત આથી રદ ગણવા.

(૩) આથી આરોપીને આદેશ આપવામાં આવે છે કે સી.આર.પી.સી. કલમ−૪૩૭ (એ) મુજબ અપીલ સમય સુધીના રૂ. ૫,૦૦૦/−જાત જામીન તથા તેટલીજ રકમના સધ્ધર જામીન હુકમની તારીખથી છ માસ માટેની સમય મર્યાદા માટે રજુ કરવા.

(૪) આ કામે અગાઉ મુદ્દામાલ અંગે કોઇ હુકમ કરવામાં આવેલ હોય તો તે કાયમ રાખવાનો ન્યાયના વિશાળ હિતમાં આખરી હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તારીખ − ૧૮મી, માહે − માર્ચ , સને − ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા. ૧૮−૦૩−૨૦૨૬
સ્થળઃ ધોળકા

**(એન. બી. મુનશી)**
એડી. ચીફ. જ્યુડીશિયલ મેજી., ધોળકા.
**યુનીક કોડ નં. જી.જે.૦૦૭૩૫**

આર.જે.ગોહેલ (પી.એ.)